# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Friday** **National News**

### આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

*****************************************************

- ✓ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણમાં શ્રીનગરમાં મુખ્ય કાર્યક્રમ યોજાયો.
- ✓ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નડા બેટ ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો.
- ✓ લોકસભાના કાર્યકારી અધ્યક્ષ પદે ભાજપના સાંસદ ભર્તૃહરી મહતાબની નિયુક્તિ.
- ✓ યુજીસી નેટ પરિક્ષા સંદર્ભમાં સીબીઆઇએ કેસ દાખલ કર્યો.
- ✓ બાંગલાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીના આજથી ભારતની બે દિવસની મુલાકાતે.
- ✓ આઇસીસી ટી-20 પુરુષોનાં વિશ્વકપમાં ભારતે અફઘાનિસ્તાનને 47 રને હરાવ્યું.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Yog Day -PM Kashmir

આજે દેશ-વિદેશમાં 10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિશ્વનાં અનેક દેશોમાં યોગ એ લોકોનાં દૈનિક જીવનનો ભાગ બની ગયો છે. યોગની યાત્રા અવિરત ચાલુ છે અને વિશ્વનાં તમામ મોટા નેતાઓ યોગની ચર્ચા કરી રહ્યા છે. વિશ્વમાં યોગ વિકસતું જતું અર્થતંત્ર બની રહ્યું છે. તેમણે જણાવ્યું કે, લોકો યોગથી મળી રહેલી શક્તિનો અનુભવ કરી રહ્યો છે.

ડલ સરોવરનાં કિનારે આવેલા આ સ્થળે આયોજિત કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં 7000થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ  સિંહા ઉપરાંત, કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે સહિતનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓએ વિવિધ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ યમુના સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે, માહીતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા માહિતી અને પ્રસારણ ખાતાના સચિવ સંજય જાજુએ લોધી ગાર્ડન, કેન્દ્રીય સંસદીય બાબતોનાં મંત્રી કિરણ રિજિજુએ મિલેનિયમ પાર્ક ખાતે ભાગ લીધો હતો. કેન્દ્રીય મંત્રીઓ પ્રહલાદ જોષી, એચડી કુમારસ્વામી અને બીએલ વર્માએ દિલ્હીનાં અલગ અલગ સ્થળોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

લશ્કરના પદનામિત વડા લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને નૌકા દળના વડા દિનેશ કે ત્રિપાઠીએ પણ આજે સવારે યોગ કર્યા હતા. દેશભરમાંથી યોગ દિવસની ઉજવણીના અહેવાલો આવી રહ્યા છે. BSF ના અધિકારીઓ અને જવાનોએ જમ્મુ અને કાશ્મીરમાં આરએસ પુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદની છેલ્લી પોસ્ટ પર યોગ કર્યા. ભારતીય સૈન્યના જવાનોએ ઉત્તરીય સરહદ પર બર્ફીલા પહાડ પર યોગ કર્યા હતા.

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજ્ય મંત્રીમંડળના અન્ય મંત્રીઓએ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં યોગ કર્યા . ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદી બેન પટેલે લખનૌમાં યોગ કર્યા. ઉત્તરાખંડમાં યોગ ગુરુ બાબા રામદેવે આચાર્ય બાલકૃષ્ણ સાથે હરિદ્વારમાં યોગ કર્યા હતા. વિદેશમાં પણ અનેક ભારતીય દૂતાવાસો ખાતે યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. ન્યૂયોર્ક શહેરનાં પ્રતિકાત્મક ટાઇમ્સ સ્કવેર ખાતે ગઇ કાલે વિવિધ દેશોનાં 10 હજાર લોકોએ યોગ કર્યા હતા.

વર્ષ 2015માં યોગ દિવસના પ્રારંભથી દેશ વિદેશમાં યોગનાં પ્રસારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહત્વની ભૂમિકા ભજવી છે અને વિશ્વભરનાં પ્રતિકાત્મક સ્થળોએ ઉજવણી કરી છે, જેમાં દિલ્હીના કર્તવ્ય પથ ઉપરાંત ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રનાં વડામથકનો સમાવેશ થાય છે.

................................................................

# CM Yoga Day

**આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો કાર્યક્રમ સૌ પ્રથમવાર ભારત-પાકિસ્તાન સરહદે આવેલા નડા બેટ ખાતે યોજાયો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યનાં યુવા, રમતગમત અને સાંસ્કૃતિ બાબતોના મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અમદાવાદ ખાતે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલ સુરત ખાતે યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાયા હતા.**

**રાજ્યની 8 મહાનગરપાલિકા, 32 જિલ્લા, 251 તાલુકા, 20 નગરપાલિકા સહિત કુલ 312 મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાજ્યભરની ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકા સુધીની શાળા, કોલેજ, આઇટીઆઇ, જેલ, આરોગ્ય અને પોલિસ સહિતનાં અનેક વિભાગોમાં યોગનાં સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.**

……………………………………………………………

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો.

……………………………………………………………

# SC-NEET-QUESTION-PAPER

સર્વોચ્ચ અદાલતે અનુસ્નાતક નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબપત્રિકા જાહેર કરવા નિર્દેશ આપવા વિનંતી કરતી અરજીના આધારે રાષ્ટ્રીય પરિક્ષા બોર્ડ અને તબીબી કાઉન્સેલિંગ કમિટિને નોટીસ જારી કરી છે. અદાલતના ન્યાયાધીશ વિક્રમનાથના વડપણ હેઠળની વેકેશન બેંચે સંબંધિતોને નોટીસનો પ્રતિભાવ આગામી ૪મી જુલાઇ સુધીમાં આપવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે જણાવ્યું છે કે, પ્રતિવાદીઓ પોતાના સોગંદનામા રજૂ કરી શકે છે.

..............................................................

# GIRIRAJ-TEXTILE-MEETING

કેન્દ્રીય કાપડમંત્રી ગીરીરાજસિંહે કાપડ ઉદ્યોગ પરિષદના પ્રતિનિધિઓ સાથે ગઈકાલે દિલ્હીમાં સંવાદ કર્યો છે. તેમણે કાપડઉદ્યોગને લગતા મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા બાદ આ ક્ષેત્રના વિકાસ માટે સૂચનો માંગ્યા હતા.

અમારા સંવાદદાતા જણાવે છે કે, કાપડમંત્રાલયનો હવાલો સંભાળ્યા બાદ ગીરીરાજ સિંહે આ પ્રથમ બેઠક યોજી હતી. જેમાં કાપડ રાજ્યમંત્રી અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

..............................................................

# Protem Speaker

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભાજપના સાંસદ ભર્તુહરિ મહતાબને લોકસભાના અધ્યક્ષની ચૂંટણી સુધી કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે. લોકસભા અધ્યક્ષની ચૂંટણી 26 જૂને યોજાશે. સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. રાજ્યસભાની બેઠક 27મી જૂનથી શરૂ થશે. સંસદનું સત્ર 3 જુલાઈના રોજ સમાપ્ત થશે

..............................................................

# BANGLADESH PM VISIT

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના આજથી ભારતની બે દિવસીય મુલાકાતે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો ઉપરાંત તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે પણ મુલાકાત કરશે.

ઉપરાંત તેઓ વિદેશમંત્રી ડૉ . એસ જયશંકર સાથે પણ મુલાકાત કરશે. દેશમાં નવી સરકાર રચાયા બાદ સુશ્રી શેખની આ પ્રથમ મુલાકાત છે.

..............................................................

# ISRAEL HEZBOLLAH

ઈઝરાયેલે ગઈકાલે એક હવાઈ હુમલામાં વરિષ્ઠ હિઝબુલ્લાહ કમાન્ડર ફાદેલ ઈબ્રાહિમની હત્યાની પુષ્ટિ કરી છે. લેબનીઝ મીડિયા રિપોર્ટમાં સળગતી કારની તસવીરો જોવા મળી હતી. ઇઝરાયેલના યુદ્ધ વિમાનોએ દક્ષિણ લેબનીઝ ગામ રીહાનમાં સપાટીથી હવામાં પ્રહાર કરતા મિસાઇલ લોન્ચર પર હુમલો કર્યો હતો.

અમેરિકી વિશેષ દૂત એમોસ હોચસ્ટીને બેરૂત છોડ્યા પછી, હિઝબુલ્લાના વડા હસન નસરાલ્લાહે ઇઝરાયેલ સાથે સર્વત્ર યુદ્ધની ધમકી આપી અને કહ્યું કે, ઈરાન સમર્થિત આતંકવાદી જૂથ સાયપ્રસ પર પણ હુમલો કરશે. ઈરાન સમર્થિત આતંકવાદી જૂથના નેતાઓએ કહ્યું છે કે, તેઓ ઇઝરાયેલીઓને તેમના ઘરે પાછા ફરતા અટકાવવા હુમલા ચાલુ રાખશે.

ઉલ્લેખનીય છે કે, અંદાજિત ૬૦ હજારથી વધુ ઈઝરાયેલના નાગરિકોને હિઝબુલ્લાહના સતત હુમલાના પગલે સ્થળાંતરીત કરવામાં આવ્યા હતા. 7 ઓક્ટોબરથી હિઝબુલ્લાહના હુમલામાં 10 નાગરિકો અને 15 સૈનિકો માર્યા ગયા છે.

................................................................

# DELHI - HEAT DEATHS (Update)

દિલ્હીમાં પ્રવર્તમાન હીટવેવમાં છેલ્લા 24 કલાકમાં સફદરજંગ હોસ્પિટલમાં હીટસ્ટ્રોકના કારણે બે લોકોએ જીવ ગુમાવ્યા છે. હોસ્પિટલના જણાવ્યા

અનુસાર, ગઈકાલે છ લોકોને હીટસ્ટ્રોક માટે દાખલ કરવામાં આવ્યા હતા, અને ત્રણની હાલત ગંભીર છે.

હોસ્પિટલમાં હાલમાં ગરમી સંબંધિત બિમારીવાળા 47 દર્દીઓ છે, જેમાંથી 29ની હાલત ગંભીર છે. 16મી જૂનથી અત્યાર સુધીમાં ગરમીને લગતી બિમારીના કારણે 62 દર્દીઓ દાખલ થયા છે, જેમાં મૃત્યુઆંક 24 પર પહોંચ્યો છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે, પ્રી-હીટવેવ તબક્કા દરમિયાન તમામ આરોગ્ય સંભાળ પ્રદાતાઓ માટે સંવેદનશીલતા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. સાંભવીત ગરમી સંબંધિત બિમારીઓના દર્દીઓના સક્રિય સંચાલન માટે અલગ બેડ તૈયાર કરવામાં આવ્યા છે. જે વેન્ટિલેટર અને મોનિટર સહિતની તમામ સુવિધાઓથી સજ્જ છે.

.................................................................

# CBI- UGC NET

CBIએ UGC NET પરીક્ષા 2024 સંબંધે કેસ નોંધ્યો છે. શિક્ષણ વિભાગના સચિવ તરફથી મળેલી ફરિયાદના આધારે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત ષડયંત્ર અને છેતરપિંડીની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

CBIના જણાવ્યા અનુસાર, ફરિયાદમાં આરોપ છે કે યુજીસીને, નેટ-2024 પરીક્ષાની અખંડિતતા સાથે ચેડા કરવામાં આવ્યા હોવાના ઇનપુટ મળ્યા છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આ મહિનાની 18મી તારીખે દેશના વિવિધ શહેરોમાં આ પરીક્ષા લેવામાં આવી હતી.

.................................................................

# Coal Block

સરકાર આજે કોમર્શિયલ કોલ બ્લોકની હરાજીનો 10મો રાઉન્ડ શરૂ કરશે. આ રાઉન્ડમાં 60 બ્લોક ઓફર કરવામાં આવશે. કેન્દ્રીય કોલસા અને ખાણમંત્રી જી કિશન રેડ્ડી હૈદરાબાદમાં હરાજીની શરૂઆત કરશે.

કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ કોલસાની ખાણો બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં સ્થિત છે. આનાથી પ્રાદેશિક આર્થિક વિકાસ અને રોજગાર નિર્માણમાં મદદ મળશે. વર્ષ 2020માં શરૂ કરવામાં આવેલી હરાજી અંતર્ગત મંત્રાલયે છેલ્લાં નવ રાઉન્ડમાં 107 કોલ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી કરી છે. દેશમાં 11 કોમર્શિયલ કોલસાની ખાણોમાંથી ખાણકામ કરવામાં આવી રહ્યું છે.

.................................................................

# ICC-CRICKET India V/s Afghanistan

આઇસીસી ટી-20 પુરુષોનાં વિશ્વકપમાં ગઇકાલે બ્રિજટાઉન, બાર્બાડોસમાં રમાયેલી મેચમાં ભારતે અફઘાનિસ્તાનને 47 રને હરાવ્યું હતું. સુપર- એઇટ તબક્કાની પ્રથમ મેચ રમતાં ભારતે આઠ વિકેટે 181 રન કર્યા હતા. સૂર્યકુમાર યાદવે 28 બોલમાં 53 રન અને હાર્દિક પંડ્યાએ 24 બોલમાં 34 રન કર્યા હતા. રશીદ ખાન અને ફઝલહક ફારુકીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

જવાબમાં અફઘાનિસ્તાન 20 ઓવરમાં 134 રનમાં ઓલ આઉટ થયું હતું. જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહે 3-3 વિકેટ લીધી હતી. સૂર્યકુમાર યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ગઇકાલે ઇંગલેન્ડે વેસ્ટ ઇન્ડિઝને આઠ વિકેટે હરાવ્યું હતું. આજે સાંજે સેઇન્ટ લુસિયા ખાતે ઇંગલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે.

……………………………………………………………

# CHENAB BRIDGE

ભારતીય રેલવેએ ગઇકાલે જમ્મુ કાશ્મીરમાં વિશ્વના સૌથી ઊંચા ચિનાબ બ્રિજ પર આઠ કોચવાળી મેમુ ટ્રેનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. રિયાસીથી બારામુલ્લા રેલ સેવા શરૂ થવા તરફનું આ એક મહત્વપૂર્ણ પગલું બનશે.

રેલવે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ છે કે, રામબન જિલ્લાના સંદલગન અને રિયાસી વચ્ચે ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આ પરીક્ષણ કરવામાં આવું હતું. ચિનાબ બ્રિજના દુગ્ગા અને બક્કલ સ્ટેશન વચ્ચે સૌપ્રથમવાર આઠ કોચની આખી ટ્રેન દોડાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૨૦મી ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૪૮.૧ કિલોમીટર લાંબા ઉધમપુર-શ્રીનગર-બરમુલ્લા રેલ લિન્ક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું

……………………………………………………………

# Weather

હવામાન વિભાગે આજે દેશના મધ્ય, પૂર્વ અને દક્ષિણ ભાગોમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ અલર્ટ જારી કરી છે.

હવામાન વિભાગ અનુસાર, આગામી પાંચ દિવસ સુધી કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં વાવાઝોડા, વીજળી અને તેજ પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ, આસામ અને મેઘાલયમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે, તથા અંતરિયાળ વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે.

હીટવેવની સ્થિતિ અંગે, હવામાન વિભાગે કહ્યું  છે કે, આગામી 4-5 દિવસ દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા નથી. જો કે, પશ્ચિમ ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં આ મહિનાની 23 તારીખ સુધી હીટવેવની સ્થિતિ ચાલુ રહેશે.

હવામાન વિભાગે એવી પણ આગાહી કરી છે કે, ઉત્તર અરબી સમુદ્રના કેટલાક વધુ ભાગોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા, ઝારખંડ, બિહાર, પૂર્વ ઉત્તરપ્રદેશ, ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી, ગંગાના કેટલાક ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે.

.......................................................................